# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૩, કારતક સુદ – ૧૫ • તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૬ • અંક : ૬

6

શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ

### શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## “સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ”

૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

**બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન**
**૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.**

‘શેઠ આણંદજી કલ્યાણજી’ નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010016 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન– સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ–મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૬ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૧૦૦

## નૂતન વર્ષના વધામણાં

### વિ.સં. ૨૦૭૩, કારતક સુદ-૧

દિવાળીની મધ્યરાત્રિએ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણ અને નૂતન વર્ષના આરંભે વહેલી સવારે અનંત લબ્ધિનિધાન પરમગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન.... આ પાવન પ્રસંગોના પરમાણુઓ આપણા સહુની આત્મભૂમિ ઉપર સમ્યગ્જ્ઞાનનો ઉજાસ પાથરે અને એ અજવાળાના સહારે આપણે આત્મશુદ્ધિની કેડીએ ધીમા પણ મક્કમ પગલાં ભરીએ....

સહુનું તન તપથી તંદુરસ્ત રહે,
મન ભક્તિથી મસ્ત રહે,
જીવન સત્કાર્યમાં વ્યસ્ત રહે, એવી શુભકામનાઓ.

- 'આનંદ કલ્યાણ' પરિવાર

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ : ૧ | અંક : ૬

પ્રકાશન

વિ.સં. ૨૦૭૩, કારતક સુદ-૧૫ • તા. : ૧૪-૧૧-૨૦૧૬, સોમવાર

પ્રકાશક :

મહેન્દ્ર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E-mail: shree_sangh@yahoo.com / info@anandjikalyanjipedhi.org

**Website : www.shethanandjikalyanjipedhi.org**

મુદ્રક :

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

## શિલ્પકળા અને સ્થાપત્યના ખજાના જેવા રાણકપુર તીર્થ

## સંબંધી સાહિત્ય આજે જ વસાવો !

## રાણકપુર તીર્થની ડીવીડી, કોફી ટેબલ બુક, પરિચય

## પુસ્તિકા વગેરે પેઢીના કાર્યાલયથી પ્રાપ્ત કરો

# શ્રી શત્રુંજય તીર્થના પંદરમા ઉદ્ધારનો અપૂર્વ ઈતિહાસ

ભરતવર્ષમાં મુસલમાની રાજ્ય થયા પછી તેમણે દેશમાં અનેક હિંદુધર્મીઓ અને ધર્મ સ્થાનોનો નાશ કર્યો છે, આ તીર્થ પણ તેનાથી બચ્યું નથી. સં. ૧૩૬૯ની સાલમાં ખિલજી વંશના અલ્લાઉદ્દીનના સૈન્યે મુખ્ય મંદિરનો નાશ કર્યો અને દેવાધિદેવ આદિનાથ પ્રભુની પરમ પવિત્ર પ્રતિમાનો ભંગ કર્યો. તે વખતે ગુજરાતના પાટનગર પાટણ શહેરમાં ઓસવાળ જ્ઞાતીય દેશળશાહ અને તેનો પુત્ર સમરસિંહ (સમરોશાહ) રહેતા હતા. તેઓ દેવ, ગુરૂ, ધર્મના સંપૂર્ણ ઉપાસક, જૈન નરરત્ન, બુદ્ધિમાન, લાગવગવાળા અને ધનાઢ્ય પુણ્યશાલી પુરૂષો હતા. બંને, પિતા અને શ્રદ્ધાળુ પુત્ર એ તીર્થના ધ્વંસની હકીકત જાણી અને પારાવાર દુઃખ થયું અને તે વખતના ઉપકેશ ગચ્છના ધુરંધર આચાર્ય શ્રી **સિદ્ધસેનસૂરિ**ના ઉપદેશથી આ પુણ્યશાળી આત્માને તીર્થના ઉદ્ધારની તીવ્ર ઉત્કંઠા થઈ અને ગુરૂવર્યની સહાય માગી. અલ્લાઉદીન ખિલજીનો પાટણ શહેરનો વહીવટ કરનાર અલપખાન નામનો સૂબો હતો, સમરસિંહ તેનો પ્રીતિપાત્ર અને વિશ્વાસુ મિત્ર હતો. પિતા દેશળશાહના આદેશથી તીર્થોદ્ધારના કાર્યોમાં સાવધાન થઈ શ્રી સિદ્ધસેનસૂરિ પાસે જઈ જ્યાં સુધી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર પૂર્ણ ન કરૂં ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરીશ, દિવસમાં બે વખત નહીં ખાઉં, ખેલ (પીઠી) તેલ અને પાણી એ ત્રણે વસ્તુથી સ્નાન નહીં કરૂં, એક વિગઈ ખાઈશ અને ભોંયપર સૂઈશ, એ પ્રમાણે અભિગ્રહ ધારણ કરી પિતાની પાસે આવી હકીકત જણાવી. ધન્ય છે તેવા પુણ્યશાળી ઉત્તમ નરને ! ત્યારબાદ મણી, મોતી, વસ્ત્ર, સુવર્ણ અને અલંકાર વગેરે ઉત્તમ વસ્તુઓનું ભેટણું લઈ ફરમાન મેળવવા અને સંતોષ પમાડવા સૂબા અલપખાન પાસે સમરસિંહ આવ્યો. પ્રણામ કરી ભેટણું મૂક્યું જેથી ખાન આનંદ પામ્યો અને આવવાનું

કારણ પૂછ્યું. સમરસિંહે જણાવ્યું કે તમારા સૈન્યે અમારા શત્રુંજય તીર્થનો ભંગ કર્યો છે અને બધા ધાર્મિક કૃત્યો અમારા અટકી પડ્યા છે, જેથી મારે તીર્થ ઉદ્ધાર કરવો છે, તેમાં આપની આજ્ઞાની જરૂર છે. તે સાંભળી અલપખાન અત્યંત પ્રસન્ન થયો અને ઇચ્છિત કાર્ય કરવા કહ્યું. તે માટે સમરસિંહે ફરમાન માગતા સૂબાએ સહી કરી અને ફરમાન સાથે સુવર્ણની મણીમોતી જડેલી શિરસ્ત્રાણ સહિત તસરીફ આપીને સમરસિંહને તેનું કાર્ય સિદ્ધ કરવા જણાવ્યું. ખાનને પ્રણામ કરી તેણે આપેલા ઉત્તમ અશ્વ ઉપર સ્વારી કરી, અલપખાનના સેવક બહેરામ મલિકની સાથે પોતાના ઘરે આવ્યો. જુદી જુદી ભેટો વડે બહેરામ મલેકને સંતુષ્ટ કર્યો. ત્યાંથી સમરસિંહ નગરજનો સહિત ગુરૂ પાસે આવ્યો, ત્યાં ગુરૂમહારાજને વંદન કરી હકીકત જણાવી. ગુરૂમહારાજે તેનું ભાગ્ય ઉત્તમ જાણી પોતે આનંદ પામ્યા. સમરસિંહે જણાવ્યું કે ભૂતકાળમાં વસ્તુપાળ મંત્રીએ મૂર્તિ માટે મમ્માણ ખાણની આરસની શિલા મંગાવી હતી અને જાણવા પ્રમાણે તે ભોંયરામાં અક્ષત છે તો તેની પ્રતિમા કરાવું ?

ગુરૂએ જણાવ્યું કે તે શ્રી સંઘને સોંપેલ છે માટે ચતુર્વિધ સંઘની આજ્ઞા લઈને કરાવી શકાય, માટે તેમ કરો.

ત્યારબાદ સમરસિંહે **શ્રી નેમનાથ** પ્રભુના મંદિરમાં સર્વે આચાર્યો, શ્રાવકો અને સંઘના આગેવાનો ભેગા કર્યા, અને હાથ જોડી વિનંતી કરી કે હિંદુ ધર્મના વૈરી મ્લેચ્છોએ શ્રી શત્રુંજય તીર્થાધિપતિની પ્રતિમાનો ભંગ કર્યો છે. તીર્થ અને તીર્થ નાયકનો ઉચ્છેદ થવાથી શ્રાવકોના સર્વ ધર્મો અસ્ત થશે વગેરે. માટે આપની આજ્ઞા હોય તો મંત્રી વસ્તુપાળે મમ્માણખાણથી લાવેલ આરસશિલા હજી ભોંયરામાં અક્ષત પડેલ છે, તે શ્રી સંઘને સોંપેલ છે જેથી આપની આજ્ઞા હોય તો તે અથવા બીજી ફલહી(શિલા) મંગાવી હું તીર્થાધિપતિ પ્રતિમા કરાવું.

આચાર્યો-સંઘપતિઓ અને શ્રાવકો સમરસિંહની પ્રશંસા કરતાં બોલ્યા કે આ ભયંકર સમય છે જેથી મંત્રીએ ઘણા દ્રવ્યના વ્યયથી લાવેલી તે શિલા અત્યારે બહાર કાઢવાનો સમય નથી, માટે તે ભલે હાલ ત્યાં રહે અને તમે આરાસણની ખાણમાંથી બીજી શિલા મંગાવી નવીન પ્રતિમા કરાવો, એમ સંઘે આનંદ પૂર્વક જણાવ્યું. શ્રી સંઘની આજ્ઞા માથે ચડાવી ઘેર આવી પિતા દેશળશાહને સર્વ વૃત્તાંત જણાવ્યો.

શ્રેષ્ઠિ સમરાશાહે પિતાની આજ્ઞાથી આરાસણની ખાણમાંથી ફલહી (શિલા) મંગાવવા વિનંતી સાથે ભેટણું લઈ પોતાના વિશ્વાસુ નોકરોને મોકલ્યાં, તેઓ થોડા વખતમાં ત્રિસંગપુર પહોંચ્યા. ત્યાંનો રાજા મહિપાલદેવ નામે રાણો રાજ્ય કરતો હતો કે જે આરાસણની ખાણોનો પણ માલિક હતો. રાજા શિવધર્મી છતાં જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન હતો. તેના રાજ્યમાં હિંસા કોઈ કરતું નહિં. તે રાજાને પાતાસાહ નામે મંત્રી હતો.

ત્યાં સમરસિંહના નોકરોએ આવીને રાજાને ભેટણા સાથે વિનંતીપત્ર આપ્યું. રાજાની આજ્ઞાથી મંત્રીએ વિનંતીપત્ર વાંચી સંભળાવ્યું. રાજા મહિપાલદેવ સમરાશાહને ધન્યવાદ આપવા પૂર્વક આરાસણની ખાણ પોતાના કબજામાં છે અને આવા ઉત્તમ કામ માટે પોતાને યાદ કરાય છે, તેમ જાણી પોતાને ધન્ય માનવા લાગ્યો. મહિપાલદેવે મંત્રીને સૂચના કરતાં જણાવ્યું કે ભેટણું પાછું આપો, કેમ કે આવા પુણ્ય કાર્ય માટે ધન લેવાય નહિં, એટલું જ નહિં પણ હવે પછી જિનબિંબ માટે શિલાદલ ગ્રહણ કરનાર પાસેથી લેવાતો કર પણ કાયમને માટે આજથી બંધ કરૂં છું અને તેને માટે કોઈ પણ વખત સહાય જોઈએ તે પણ હવે પછી આપીશ. એમ કહી રાજા મંત્રી અને સમરસિંહના માણસો સાથે આરસની ખાણો પાસે ગયો, અને આરસ કાઢનાર મનુષ્યોને બોલાવી સન્માન પૂર્વક બિંબ માટે મોટી શિલા કાઢવાનું મૂલ્ય ઠરાવ્યું. શુભ મુહૂર્તે ખાણની પૂજા કરી કાર્ય શરૂ કર્યું અને તે શિલા

કાઢનારાઓનું વસ્ત્ર, તાંબુલ, ભોજન વગેરેથી સમરસિંહના નોકરોએ સન્માન કર્યું અને ભોજનશાળા ખુલ્લી મૂકી. પછી મંત્રીને ત્યાં રાખી પોતાના નગરમાં આવ્યો, છતાં દરરોજ પોતાના માણસો મોકલી ખબર કઢાવતો, સૂચના આપતો. થોડા દિવસમાં શિલા બહાર કાઢી તેને પાણી વડે ધોઈ સાફ કરતાં મધ્યભાગમાં એક તડ જોઈ, તેના ખબર સમરસિંહને આપતાં બીજી કઢાવવાની સૂચના મોકલી, બીજી કાઢતાં પણ તેમ બન્યું, તેથી હવે રાણો, મંત્રી અને સમરસિંહના માણસો દિલગીર થયા અને તે બધા દેવનું આરાધના કરવા અઠ્ઠમ તપ કરી ડાભના સંથારા પર સુતા. ત્રીજા દિવસે શાસનદેવતાઓએ અમુક સ્થલેથી શિલા કાઢવાની સૂચના કરતાં તે પ્રમાણે કરવાથી સ્વચ્છ, નિર્મલ અને નિર્દોષ શિલા નીકળી. તેના સમાચાર સમરસિંહને આપતાં તેમણે સુવર્ણના દાંત સહિત જીભ અને બે પટ્ટ વસ્ત્રો સમાચાર આપનારને ભેટ આપ્યા અને ચતુર્વિધ સંઘ એકઠો કરી તે આનંદજનક સમાચાર સંભળાવ્યા. સંઘે જિનબિંબ કરાવવાનો સમરશાહને આદેશ આપ્યો.

આખા મુખ્ય પ્રાસાદનો મ્લેચ્છોએ નાશ કર્યો છે, અને દેવકુલિકા જે આસપાસ છે તે પણ પાડી નાખી છે, તો તે બધા નવા કરાવી પ્રતિષ્ઠા કરવાની હોવાથી બધાના પુણ્યને માટે યથાયોગ્ય વહેચણી કરવી જોઈએ. જેથી તે કામ જુદા જુદા માણસોને શ્રી સંઘે વહેંચીને જુદા જુદા ધર્મ કાર્યો કરવા માટે સોંપ્યા, તેમ જ મુખ્ય પ્રાસાદ કરાવવા કોઈ ભાવિક શ્રાવકે આજ્ઞા માગતાં 'જિનબિંબ કરાવનાર જ મુખ્ય પ્રાસાદ કરાવે તે વધારે શોભાસ્પદ છે' એમ કહી શ્રી સંઘે બંને કરાવવા માટે સમરાશાહને આદેશ કર્યો.

પાતામંત્રીએ સુવર્ણના કંકણ અને વસ્ત્રદાનથી સૂત્રધારોને સંતુષ્ટ કર્યા અને મહિપાલદેવ રાણાએ અખંડ શિલા નીકળી જાણી હર્ષપૂર્વક ખાણ પાસે આવી, સાક્ષાત્ જિન હોય તેમ તેણે તેની ચંદનપુષ્પાદિક વડે પૂજા કરી. પછી તે ફલહી(શિલા)ને સૂત્રધાર પાસે ઉતરાવી આરાસણમાં તેનો પ્રવેશ મહોત્સવ

કર્યો. પછી પોતાના મંત્રી પાતાશાહને કેટલીક સૂચનાઓ કરી રાણો પોતાના નગરમાં આવ્યો.

મંત્રીએ ફલહી(શિલા)ને મોટા રથમાં સ્થાપી, તેને બરોબર ગોઠવી ઘણા માણસો અને બળવાન બળદો વડે ખેંચીને મહા મહેનત વડે પર્વતથી નીચે ઉતારી અને આગળ ચલાવતાં કુમારસેના ગામ પાસે તે રથ અટક્યો. તે વખતે ત્રિસંગમપુરની આસપાસના લોકોએ ત્યાં આવી મહોત્સવ કર્યો અને તે સમાચાર પાટણ સમરસિંહને મોકલ્યા, જેથી તે ઘણા ખુશી થયા અને અખડે પડખેના ગામમાંથી સત્કાર પૂર્વક મજબૂત વીશ બળદો મંગાવી લોઢાથી જડેલ ગાડું નવું કરાવી કુમારસેના ગામે મોકલ્યા. ફલહી(શિલા)ને તેમાં ચડાવતા ગાડું ભાંગી ગયું, તેથી ફરી સમરસિંહ પાસેથી બીજું મજબૂત ગાડું મંગાવ્યું તે પણ ભાંગી ગયું, ત્રીજી વખત પણ તેમ બન્યું જેથી મંત્રી ખિન્ન થયો અને તે સમાચાર સમરસિંહને પહોંચતાં તેમને પણ ચિંતા થઈ પડી. તેટલામાં શાસનદેવીએ પ્રત્યક્ષ થઈ કહ્યું કે - ઝંઝા ગામમાં દેવ અધિષ્ઠિત મજબૂત શકટ છે તે તને મળશે જેથી તારૂં કાર્ય સિદ્ધ થશે. તેટલામાં તે દેવીનો પૂજારી ત્યાં આવ્યો અને સમરસિંહને જણાવ્યું કે દેવીએ મને આદેશ કર્યો છે કે સમરસિંહને જઈને કહે કે મારા ગાડાથી સુખપૂર્વક શિલા લઈ જઈ શકાશે, જેથી તે ગાડું મોકલ્યું. તેમાં શિલા પધરાવી પોતાના દેશના સીમાડા સુધી વળાવી પાતાસાહ મંત્રી પોતાને ગામ ગયો. ફલહી(શિલા) અનુક્રમે ખેરાળુ થઈ ભાંડુ ગામે આવી, જેના સમાચાર દેશલશાહને પહોંચતા શ્રી **સિદ્ધસેનસૂરિજી** અને પાટણના લોકો સહિત તેઓ ભાંડુ આવ્યા અને દેશલશાહે ચંદનાદિક વડે પૂજા કરી પોતાના નગર આવ્યા. ફલહી(શિલા) દરેક ગામ નગરે પૂજાતી અનુક્રમે શ્રી શત્રુંજય ગિરિ પાસે આવી પહોંચી, જ્યાં શ્રી પાલીતાણાના સંઘે સામા આવી સત્કાર પૂજન મહોત્સવ વગેરે કર્યું. દેશલશાહના પરિવારે તેને વધાવી પાટણ જઈ તેને ખબર આપ્યા. દેશલશાહે

તે માણસોને પાછા તે શિલા શ્રી શત્રુંજય ડુંગર ઉપર ચડાવવા સૂચના કરવા મોકલ્યા, અને સાથે પાટણથી બિંબ ઘડનાર સોળ બુદ્ધિશાળી શિલ્પી (કારીગરો)ને રવાના કર્યા અને જૂનાગઢથી બાલચંદ્ર નામના મુનિને માણસો મોકલીને શત્રુંજય બોલાવ્યા જે તુરત આવ્યા. તેમણે ગાડા ઉપરથી ફલહી(શિલા) ઉતરાવી પર્વત ઉપર ચડાવવા ગોઠવણ કરી. ચોરાશી ખાંધે ઉપાડનારા પુરૂષોને એકઠા કરી લાકડા, દોરડાવડે શિલાને મજબૂત બાંધી લઈ ખાંધે મૂકી અને છ દિવસમાં શત્રુંજય પર્વત ઉપર ચડાવી દીધી.

કહેવામાં આવે છે કે જાવડશાહે આવી રીતે ફલહી(શિલા) છ મહીને ચડાવી હતી. હવે બિંબ તૈયાર કરવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. કારીગરોને ભોજન-શયનાદિકનો ઉત્તમ પ્રકારે સત્કાર કરવામાં આવ્યો. બાલચંદ્રમુનિની સૂચના પ્રમાણે પ્રતિમા તૈયાર થતાં મુખ્ય સ્થાનમાં લાવ્યા. વખતો વખત દુર્જનોએ કંઈ દુર્જનતા કરી પરંતુ દેશલસાહના પુણ્ય પ્રભાવથી, સાહણપાલની બુદ્ધિથી, અને સમરાશાહના સત્વથી દુર્જનો દુર્જનતા મુકી કાર્ય કરનાર થયા હતા. બિંબને મૂળ સ્થાનમાં પધરાવી પાટણમાં દેશલશાહને સમાચાર આપ્યા, જેથી દેશલશાહે સમરાશાહને કહ્યું કે હવે ચતુર્વિધ સંઘ સાથે યાત્રાએ જઈ પ્રતિષ્ઠા કરીએ જેથી કૃતકૃત્ય થઈએ.

પછી પિતા પુત્ર બંને શ્રી સિદ્ધસેનસૂરિજી પાસે ઉપાશ્રયે આવ્યા, વંદન કરી બોલ્યા કે આપ પૂજ્યના ઉપદેશરૂપી પાણીથી સિંચિત થયેલ અમારો આશારૂપી વૃક્ષ જે અંકુરિત થયો હતો, તે શ્રેષ્ઠ જલથી સિંચાતો હાલ ફલોન્મુખ થયો છે, તેને પ્રતિષ્ઠા કરવાના પ્રસાદરૂપ શ્રેષ્ઠ મનોરથથી સફળ કરો. વળી ભંગથી થયેલા મુખ્ય મંદિરના શિખરનો ઉદ્ધાર પણ કલશ પર્યંત પરિપૂર્ણ કરાવેલ છે, તથા દેવની દક્ષિણ દિશામાં અષ્ટાપદના આકારવાળું ચોવીશ જિનેશ્વરોથી યુક્ત નવું ચૈત્ય પણ તૈયાર કરાવ્યું છે. બલાનક મંડપમાં રહેલાં સિંહનો પણ ઉદ્ધાર કરાવ્યો છે. વળી આદિજિનના પાછળના ભાગમાં

વિહરમાન તીર્થંકરોનું નવું ચૈત્ય કરાવ્યું છે. સ્થિરદેવના પુત્ર લંઢુકે ચાર દેવકુલિકા અને જૈત્ર અને કૃષ્ણ નામે સંઘપતિઓએ જિન બિંબ સહિત આઠ શ્રેષ્ઠ દેહરીઓ કરાવી છે. પેથડની કીર્તિલતાતુલ્ય સિદ્ધ કોટાકોટિ ચૈત્ય જે તુર્કલોકોએ પાડી નાંખ્યું હતું, તેના હરિશ્ચંદના પુત્ર શાહ કેશવે ઉદ્ધર્યું છે. તેમજ દેવકુલિકાના લેપ વગેરે બીજું નષ્ટ થયેલું હતું તે સર્વ પુણ્યશાળીઓએ સંપન્ન કરાવ્યું છે, જેથી તીર્થમાં સર્વ સ્થાનો પૂર્વની જેમ થઈ ગયા છે, જેથી કળશની, દંડની તેમજ બીજા સર્વ અર્હંતોની પ્રતિષ્ઠા હાલ કરાવવાની છે વિગેરે વિગેરે દેશલ શાહે જણાવ્યું.

હવે દેશલે આચાર્યો, જ્યોતિષીઓ અને શ્રાવકો વગેરેને બોલાવી પ્રતિષ્ઠાનું મુહુર્ત જોવરાવ્યું. નિર્ણય થતાં આમંત્રણ પત્રિકા મુખ્ય જોશી પાસે લખાવી તેનો સત્કાર કરી ઉત્સવ કર્યો. પ્રતિષ્ઠાનો સમય આવતાં દેશલ શાહે સર્વ દેશોમાં પોતાના કુટુંબીઓ, પુત્રો, પૌત્રો અને મંત્રીઓ વગેરેને મોકલી સંઘને આમંત્રણ પાઠવ્યું. ત્યારબાદ દેશલ શાહે યાત્રા યોગ્ય રથના જેવું નવીન દેવાલય તૈયાર કરાવ્યું, પૌષધશાળાએ જઈ આચાર્ય મહારાજ પાસે તેની ઉપર વાસક્ષેપ નંખાવ્યો.

હવે સર્વોત્તમ દિવસ, વાર અને નક્ષત્રે દેવાલયનું પ્રસ્થાન કરવા દેશલશાહે વિચાર કર્યો. શુભ દિવસે પૌષધશાળામાં સર્વ સંઘ એકત્ર કર્યો. દેશલ શાહ વાસક્ષેપ નંખાવવા ગુરૂ સન્મુખ બેઠો, ગુરૂએ તેના કપાલમાં તિલક કર્યું અને તેના મસ્તકે વાસક્ષેપ નાંખ્યો અને પછી સમરસિંહને વાસક્ષેપ નાંખી "તું સંઘપતિમાં અગ્રણી થાય એમ આશિષ આપી."

પોષ સુદ ૭ના દિવસે સંઘનો પ્રયાણ સમય હતો. તે વખતે ગૃહ દેવાલયમાં રહેલી આદિનાથ પ્રભુની પ્રતિમા લઈ દેશલ શાહે દેવાલયના રથમાં સ્થાપી. અને તે રથને બે શ્વેત વૃષભ જોડ્યા, કે તરત જ એક સુવાસિની સ્ત્રી, શ્રીફળ, અક્ષત ભરેલો થાળ હાથમાં લઈ સામી આવી. તેણે

દેશલ શાહ તથા સમરાશાહને માથે અક્ષત નાંખ્યાં. શ્રીફળ હાથમાં આપ્યું અને કપાલે કુંકુમના તિલકો કરી પુષ્પની માળાઓ કંઠે પહેરાવી આશીર્વાદ આપ્યા.હવે વાજિંત્રોના નાદ સાથે રથ આગળ ચલાવતાં અનેક શુભ શુકનો થયા. પાટણમાં તો રંગ જામ્યો હતો. ભાગ્યે જ કોઈ ઘેર રહ્યું હશે.

દેશલશાહ સુખાસનમાં બેસી દેવાલયની આગળ રહ્યા અને સમરસિંહ પણ અનેક સવારોની સાથે દેવાલયની પાછળ ચાલ્યો. પગલે પગલે પૂજાતું દેવાલય પ્રથમ શંખારિકાએ પહોંચ્યું.

શંખારિકા ગામથી સંઘ સાથે પાટણ આવી પૌષધશાળામાં જઈ સર્વ સૂરિમહારાજને સમરાશાહે વંદન પૂર્વક સંઘ સાથે આવવા વિનંતી કરી અને પ્રત્યેક ઘેર જઈ સર્વ શ્રાવકોને આદર પૂર્વક આવવા પ્રાર્થના કરી જેથી સર્વ જલદી આવ્યા.

સંઘમાં સર્વ સિદ્ધાંત પારગામી **શ્રી વિનયચંદ્રસૂરિ**, શ્રી બૃહદ્‌ગચ્છરૂપી આકાશમાં ચંદ્ર સમાન **શ્રી રત્નાકરસૂરિ**, ગૌરવયુક્ત અંતઃકરણવાળા **શ્રી દેવસૂરિગચ્છ**ના **શ્રી પદ્મચંદ્રસૂરિ**, શ્રી સંડેરગચ્છના **શ્રી સુમતિસૂરિ**, ભાવડા ગચ્છના આચાર્ય **શ્રીવીરસૂરિ** શ્રી તારાપદ્મગચ્છના **શ્રી સર્વદેવસૂરિ**, બ્રાહ્મણ ગચ્છના **શ્રી જગતસૂરિ**, શ્રી નિવૃત્તિ ગચ્છના **આમ્રદેવસૂરિ**, શ્રી નાણકગણ રૂપી આકાશને વિભૂષિત કરવામાં સૂર્ય સમાન **શ્રી સિદ્ધસેન** આચાર્ય, બૃહદ્‌ગણના શ્રી **ધર્મઘોષસૂરિ**, નાગેન્દ્ર ગચ્છના શ્રી **પ્રભાનંદ** સૂરિ, **હેમસૂરિ** સંતાનીય પવિત્ર શ્રી **વજ્રસેનસૂરિ** અને અન્ય અન્ય ગચ્છના બીજા આચાર્યો સંઘપતિ દેશલ સાથે સંઘમાં આવવા તૈયાર થયા હતા. ચિત્રકૂટ, વાલાક, મરૂ, માલવ વગેરે દેશોમાં રહેલ પ્રાયઃ સર્વે મુનિઓ પધાર્યા હતા. શ્રી **સિદ્ધસેનસૂરિ** સર્વદર્શનીઓ અને દેશલની સાથે ચાલ્યા હતા અને દેશલે તેનો પ્રવેશ મહોત્સવ કર્યો હતો. આ સંઘ સાથે અન્ય સંઘો, સંઘપતિ જૈત્ર અને કૃષ્ણ, હરિપાલ, દેવપાલ, શ્રી વત્સ કુળના **સ્થિરદેવ**ના પુત્ર **લંઢક** સાથે

હતા. વળી સોની **પ્રહ્લાદ** સત્યવચની ઉત્તમ શ્રાવક **સોઢાક**, ધર્મવીર **વીરશ્રાવક** દાનેશ્વર **દેવરાજ** વગેરે ગુર્જર ભૂમિમાં જે કોઈપણ શ્રાવકો હતા તેઓ સર્વ સંઘમાં સામેલ થયા હતા. તેઓ સર્વ આવ્યા પછી દેશલે સંઘનું પ્રયાણ આગળ કરાવ્યું. મંડપમાં સ્તંભની પેઠે મુખ્ય તરીકે **જૈત્ર, કૃષ્ણ, લંઢક અને હરિપાલ** એ ચાર હતા. પાટણના સૂબા અલપખાનની પાસે ભેટણું લઈ સમારાશાહ દરબારમાં ગયા. ખાનની પાસે ભેટણું મુક્યું, ખાને સંતુષ્ટ થઈ ઘોડા સાથે તસરીફ આપી અને સમરશાહે ખાનની પાસે સંઘના રક્ષણ માટે જણાવતાં ખાને દશ મહામીરો સંઘરક્ષા માટે આપ્યા અને હવે સમરાશાહ સંઘનાયક પવિત્ર સંઘમાં ભળ્યા. સંઘમાં વાજિંત્રો સાથે પાલખીઓ, ઘોડેસવારો, ઉંટો, ગાડાઓ વગેરે હતા; તેમજ પાયદલનો તો પાર નહોતો. આગળ દેશલશાહ, પાછળ સમરસિંહ તથા સહજાનો પુત્ર સાંગણશાહ, લૂણિંગજીનો પુત્ર સોમજી સહિત ચાલતા હતો. સમરસિંહ ચારે બાજુ ઘોડાને હાંકતા અને શ્રી સંઘની સર્વ પ્રકારની કાળજી લેતા હતાં.

દરેક ગામના સંઘો તથા ગામના ઠાકોરો સમરશાહને આવેલા જોઈ દહીં, દૂધ વગેરે ભેટ ધરતા હતા, અને દેશલશાહે દરેક સ્થળે દાનશાળા પણ ખુલ્લી મુકી હતી. એ પ્રમાણે પ્રયાણ કરતાં સંઘ **શેરીસા તીર્થ** આવી પહોંચ્યો. જ્યાં **શ્રી પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા કાઉસ્સગ્ગધ્યાને બિરાજમાન છે. ધરણેન્દ્રથી પૂજાતા ચરણવાળા તે પ્રભુ આજે પણ સપ્રભાવ છે. જે બિંબને પહેલાં સૂત્રધારે પોતાની આંખે પાટા બાંધી એકજ રાત્રિમાં દેવના આદેશથી ઘડ્યું હતું. મંત્ર શક્તિથી સકલ ઈચ્છિત પ્રાપ્ત કરનાર શ્રી નાગેન્દ્રગણના અધીશ શ્રી **દેવેન્દ્રસૂરિજીએ સમ્મેતગિરિથી** વીશ તીર્થંકરોના બિંબોને અને કાંતિપુરીમાં હાલ રહેલ ત્રણ તીર્થંકરો (બિંબો)ને મંત્રશક્તિથી આણ્યા હતા, અને આ શ્રેષ્ઠ તીર્થ શ્રી દેવેન્દ્રસૂરિજીએ સ્થાપ્યું હતું. સંઘવી દેશળ શાહે અહિં સ્નાત્ર મહાપૂજા, મહોત્સવ કરવા પૂર્વક ધ્વજા અર્પી આરતી કરી,

**સમરશાહે** ભોજનાદિ દાન આપ્યું. અષ્ટાહ્નિકા ઉત્સવ પછી પ્રયાણ કરી સંઘ સાથે દેશલશાહ ક્ષેત્રપુર (સરખેજ) પહોંચ્યા. જ્યાં પણ દેવ ભક્તિ કરી ધોળકા આવ્યા. પ્રત્યેક ગામનગરમાં ચૈત્યપરિપાટી કરતાં, મહાધ્વજા, પૂજા આદિથી પુણ્ય ઉપાર્જન કરતાં સંઘવી **દેશલશાહ** અનુક્રમે પિપ્પલાલીપુર (પિપરાલી) આવી પહોંચ્યા અને ત્યાંથી શત્રુંજયગિરિને જોઈ **દેશલ** અતિ હર્ષ નિમગ્ન થયો. **સમરસિંહને** આગળ કરી શ્રી સંઘ સાથે મહાકાર્યો સાધતાં **દેશલશાહે** લાપસી કરાવી મહોત્સવ કરી ગિરિરાજનો પૂજ્યો અને યાચકોને પુષ્કળ દાન આપ્યું.

બીજે દિવસે તીર્થનાથના દર્શન કરવાની ઉત્કંઠાથી પ્રયાણ કરી શ્રી **શત્રુંજયગિરિ** સમીપ પહોંચ્યા. **લલિતાદેવી** (વસ્તુપાળની પત્ની) એ કરાવેલા સરોવરના તટ પર **સમરાશાહે** શ્રી સંઘને આવાસ કરાવ્યા. **શ્રી વિમલગિરિના** દર્શન થતાં અંગમાં આનંદ સમાતો નહોતો. પર્વતરાજને પૂજ્યો, પ્રણામ કર્યા. યાચકજનોને દાન દીધા, અને શત્રુંજય શિખરના સ્વામીનું સ્મરણ કરી પ્રણામ કર્યા. દેશલે બીજે દિવસે શત્રુંજય ઉપર ચડવાનો વિચાર કર્યો, તેટલામાં એક માણસ વધામણી લઈ આવ્યો કે દોલતાબાદ (દેવગિરિ) થી **સહજપાલ** અને ખંભાતથી **સાહણપાલ** સંઘ સહિત આવેલા છે. જે સાંભળી **સમરસિંહ** અત્યંત ખુશી થયો અને સંઘ સહિત સામે ગયો. બંધુને મળ્યા, ભેટીને પ્રણામ કર્યા અને બંને ભાઈઓએ સમરસિંહને કહ્યું કે ભાઈ, બીજા સંઘપતિને મળ. ખંભાતના સંઘમાં ઘણા આચાર્યો હતા તે સર્વેને સમરાશાહે વંદન કર્યું. **પાતાકમંત્રીના ભાઈ મંત્રી સાંગણ** ખંભાતથી સાથે આવ્યા હતા, તેમજ વંશપરંપરાગત સંઘપતિપણાને પ્રાપ્ત કરનાર સંઘવી **લાલા ભાવસાર, સિંહભટ** ઉત્તમ શ્રાવક, અને વસ્તુપાલના વંશના મંત્રી **વીજલ** હર્ષથી સંઘમાં આવ્યા હતા, તથા **મદન, મોલ્હાક, રત્નસિંહ** વગેરે અસંખ્ય શ્રાવકો આનંદપૂર્વક પ્રતિષ્ઠા પ્રસંગમાં આવ્યા હતા. સર્વની ભક્તિ સમરશાહે કરી

અને **વિમલગિરિ** શિખર ઉપર ચડવા માટે સર્વ ઉદ્યમી થયા. પ્રાતઃકાળે પાલીતાણા શહેરના **શ્રી પાર્શ્વજિન** તેમજ **શ્રી મહાવીર** પ્રભુને વંદન કરી **દેશલ** શાહ સંઘ સહિત પર્વતની પાસે આવ્યો. ત્યાં રહેલા શ્રી **નેમનાથ પ્રભુને** પૂજી **શ્રી સિદ્ધસેનસૂરિજી**ને હાથનો ટેકો આપી દેશલ શાહે પર્વત ઉપર ચડવાનો આરંભ કર્યો. તે વખતે શ્રી શત્રુંજય પર્વત વૃક્ષરાજિ, પશુ પક્ષીઓ અને પાણીના ઝરણા વડે કુદરતી સૌંદર્યથી ભરપૂર હતો. દેશલ શાહે ઉપર ચડી પ્રથમ પ્રવેશમાં જેનો પોતે ઉદ્ધાર કરાવેલ છે તે ભગવાન **આદિનાથ**ની માતાની પ્રતિમા જોઈ વંદન-પૂજન કરી શ્રી **શાંતિનાથ** ચૈત્યમાં ગયો. ત્યાં પૂજા કરી ત્યાંથી શ્રી **આદિનાથ** જિન મંદિર જઈ ત્યાં પૂજા કરી પોતે ઉદ્ધાર કરેલ કપર્દિયક્ષની મૂર્તિના દર્શન સંઘ સહિત કરી સિંહદ્વારે પહોંચ્યો. ત્યાં ભગવાનને જોઈ પુષ્કળ ધનની વૃષ્ટિ કરી. ચૈત્યના મધ્ય ભાગમાં પ્રવેશ કરી, પોતે કરાવેલ શ્રી **આદિનાથને** વંદન કરવા **દેશલ** ભૂમિ ઉપર પડી પ્રણામ કરતો, યુગાદિનાથની સમીપ આવ્યો. ભક્તિથી આદિનાથ પ્રભુને ભેટી પડ્યો, પછી આદિનાથની લેપ્ય મૂર્તિને પુષ્પથી પૂજી, પ્રદક્ષિણા કરી અનેક અર્હંત બિંબોની પૂજા કરી. પછી **પાંડવોની** મૂર્તિને પૂજી, રાયણ નીચે રહેલ ભગવાનના પગલાંને તથા પોતે કરાવેલી આશ્ચર્યકારક મયૂરની મૂર્તિને જોઈ સુવર્ણ, મણિ, મોતીની વૃષ્ટિ કરી ત્યાં મહોત્સવ કરી યાચકોને દાન આપી, બાવીશ તીર્થંકરોને પૂજી, આદિનાથને પ્રણામ કરી પોતાના સ્થાને પુત્ર સહિત આવી પ્રતિષ્ઠા વિધિ કરવા તત્પર થયો અને પ્રતિષ્ઠા કરવાનો આદેશ સમરસિંહને કર્યો. સોરઠ અને વાલાકથી પણ હજારો મનુષ્યો અહિં આવ્યા હતા. માઘ માસની (સંવત ૧૩૭૧ના) શુક્લ ત્રયોદશી અને રવિવારે સંઘને એકઠો કર્યો અને શ્રી **સિદ્ધસેનસૂરિજી** પ્રમુખ આચાર્યો સાથે સમરસિંહ અને દેશલ પાણી લેવા કુંડ તરફ ગયા. ત્યાં દિક્પાલ તથા કુંડના અધિપતિ દેવની વિધિ પૂર્વક પૂજા કરી, શ્રી સૂરિદ્વારા મંત્રિત પાણી વડે ઘડાઓ ભરી

સુવાસિની સ્ત્રીઓના માથે મુકાવી સંઘ સહિત ચૈત્યે આવ્યા. ઘડા યોગ્ય સ્થાને મુકાવી તે ૪૦૦ સ્ત્રીઓ પાસે સેંકડો ઔષધિઓના મૂળ મંગળ ગીત ગાતાં વટાવવાનો પ્રારંભ કર્યો. સૂરિજીએ તે સ્ત્રીઓને વાસક્ષેપ નાંખ્યો અને ઔષધિઓનું ચૂર્ણ તૈયાર થતાં તે શરાવમાં નાંખવામાં આવ્યું. જિનાલયની ચારે દિશાએ નવ નવ વેદિકાઓ તૈયાર કરાવી, તેની ચારે બાજુ જવારા મુક્યા. રંગમંડપના મધ્યભાગમાં પ્રભુ સન્મુખ નંદાવર્તપટ્ટ મૂકવા એક હાથ ઉંચી ચોરસ વિશાળ વેદિકા કરાવી અને તેના ઉપર ચાર થાંભલાવાળો સુવર્ણ કળશયુક્ત વિવિધ વસ્ત્ર અને કેળના સ્થંભવડે સુશોભિત મંડપ કરાવ્યો. તેની પાસે મુખ્ય ચૈત્યનો તૈયાર કરાવેલો ધ્વજદંડ પ્રતિષ્ઠા કરવા માટે સ્થાપિત કર્યો. મુખ્ય ચૈત્યની આસપાસના ચૈત્યોની પ્રતિષ્ઠા કરવા માટે સુંદર ઉંચી વાલુકા યુક્ત સમૂળ ડાભસહિત વિશાળ વેદિકા કરાવી. બારણે આંબાના તોરણો બાંધ્યા. સૂરિજી મહારાજે ગોરોચન, કેસર, કપૂર, અને કસ્તુરી પ્રમુખ દ્રવ્યો વડે પ્રથમ ચંદનનો લેપ કરી નંદાવર્તનો પટ્ટ લખ્યો.

હવે પાણીથી ભરેલી કુંડીમાં જ્યોતિષની ઘટીઓ પાણીથી ભરાઈ જવાથી તળીયે બેસવા લાગી, એટલે પ્રતિષ્ઠાનો સમય જાણી સૂરિમહારાજ મુખ્ય જિનમંદિરે આવ્યા, તે વખતે બીજા આચાર્યો પણ પ્રતિષ્ઠા કરવા માટે તેની વિધિમાં સાવધાન થઈ મુખ્ય ચૈત્યને વિષે જઈ પોતપોતાના આસન પર બેઠા. દેશળ પણ પુત્ર સહિત સ્નાન કરી વિશુદ્ધ વસ્ત્રો પહેરી લલાટમાં ચંદનનું તિલક કરી ચૈત્યમાં ગયો. બીજા શ્રાવકો પણ પોતપોતાના બિંબો લઈ હાજર થયા. **શ્રી સિદ્ધસેનસૂરિજી** આંગળીએ સુવર્ણની મુદ્રિકા અને હાથે કંકણ પહેરી બે વસ્ત્રને ધારણ કરી જિનેશ્વરના સન્મુખ ઉભા. જિનેશ્વરની **દક્ષિણ બાજુએ સાહણ** સહિત **દેશલ શાહ** અને ડાબી બાજુએ **સમરસિંહ** સહિત **સહજપાલ** સ્નાત્ર ભણાવવા તૈયાર થયા. **સામન્ત** અને **સાંગણ** બંને ભાઈઓ ચામર સહિત જિનેશ્વર પાસે ઉભા. કોઈની કુદ્રષ્ટિ ન પડે માટે

જિનના કંઠમાં અરિષ્ટ રત્નની માળા નાંખી. જિનના કરને વિષે રક્ષા નિમિત્તે રાખડી બાંધી. પ્રતિષ્ઠાને યોગ્ય તમામ વસ્તુઓ ત્યાં ગોઠવાઈ ગઈ. મીંઢળ સહિત ઋદ્ધિ અને વૃદ્ધિ એ બંને ઔષધિ જિનને હાથે બાંધી અને ગુરૂએ **દેશલ આદિ** શ્રાવકોને હાથને વિષે મીંઢળ સહિત કસુંબી મંગળસૂત્ર બાંધ્યું. હવે **સિદ્ધસેન** સૂરિજીએ સ્નાત્રિયા પાસે સ્નાત્રનો આરંભ કરાવ્યો અને શ્રી આદિજિનનું સ્નાત્ર સૂરિજીએ સ્વયં કરાવ્યું.

લગ્ન-મૂહુર્તની ઘડી આવી પહોંચતા **શ્રી સિદ્ધસેનસૂરિ** સાવધાન થઈ જ્યોતિષીઓએ કહેલું પ્રતિષ્ઠાનું લગ્ન સાધતા હતા. શુભલગ્ને જિન પ્રતિમાને લાલ વસ્ત્રવડે ઢાંકીને ચંદન અને સુગંધી દ્રવ્યદડે પૂજા કરી; તે સમયે સમરસિંહ પૌષધશાળાએ જઈને નંદાવર્તનો પટ્ટ સુવાસિની સ્ત્રીને માથે મુકી ચૈત્યમાં આવ્યો. ચોતરફ વાજિંત્રો વાગવા લાગ્યા. લોકો જિનગુણ ગાવા લાગ્યા. મંડપની વેદિકા ઉપર નંદાવર્તના પટ્ટને પધરાવવામાં આવ્યો, તેને પાથરી યથાવિધિ કપૂરવડે સૂરિજીએ પૂજા કરી. હવે લગ્ન સમય પાસે આવ્યો જાણી રૂપાની કચોળી અને સોનાની સળી હાથમાં લઈ શ્રી સિદ્ધસેનસૂરિજી મહારાજ રૂષભજિનના પ્રતિબિંબ થકી વસ્ત્ર ખસેડીને તેના બંને નેત્રોમાં સૂરમો અને સાકરના યોગવાળું અંજન આંજયું. અને **વિક્રમ સંવત ૧૩૭૧ના માઘ માસની શુક્લ પક્ષની ચૌદશ, પુષ્ય નક્ષત્ર અને સોમવારે મીન લગ્નમાં નાભિનંદન શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠા કરી. પ્રથમ જાવડશાહના ઉદ્ધાર સમયે શ્રી વ્રજસ્વામીએ પ્રતિષ્ઠા કરી હતી** અને ત્યારપછી આ પ્રતિષ્ઠા થઈ. **શ્રી સિદ્ધસેનસૂરિની** અનુજ્ઞાથી મુખ્ય પ્રાસાદના ધ્વજાદંડની વાચનાચાર્ય **નાગેન્દ્રસૂરિ**એ પ્રતિષ્ઠા કરી. સર્વ પુત્રો સહિત **દેશલ શાહે** ચંદન અને બરાસવડે **આદિનાથ** પ્રભુના શરીરે વિલેપન કરી તેની પાસે પકવાન પ્રમુખ નૈવેદ્ય મૂક્યા. તે સામે વાજિંત્રો વાગવા લાગ્યા. આનંદથી કઈક નૃત્ય કરવા લાગ્યા. મંગલ ગીતો ગવાવા લાગ્યા. અનેક રીતે તે વખતે ભવ્ય

જનોએ મહોત્સવ કર્યો. હવે **દેશલ** શાહ ધ્વજદંડને સ્થાપન કરવા તત્પર થયો. **શ્રી સિદ્ધસેનસૂરિજી**ને હાથનો ટેકો આપી પુત્ર સહિત દેશલ શાહે ધ્વજદંડની સાથે શિખર ઉપર ચડી આવ્યો. ત્યાં સૂત્રધારો દ્વારા દંડનું સ્થાપન કરી અને દંડની સાથે ધ્વજા બાંધી યાચકોને દાન આપ્યું અને તેના પાંચ પુત્રોએ ધનની વૃષ્ટિ કરી.

**દેશલ શાહે** ત્રણ છત્ર અને બે ચામર આદિજિનના ચૈત્યમાં આપ્યા. સુવર્ણ દંડ યુક્ત અને રૂપાના તંતુના બનાવેલા બીજા બે ચામર આપ્યા. મનોહર સ્નાત્રના કુંભ, રૂપાની આરતી, મંગળ દીવો પણ આપ્યા. બધા જિનેશ્વરોનો સ્નાત્ર વિધિ કર્યો. બધા જિનોની ચંદનાદિવડે પૂજા કરી, પછી આચાર્ય મહારાજ **શ્રી સિદ્ધસેનસૂરિ**ના ચરણને વંદન કરી બીજા મુનિઓને ભક્તિ પાનવડે પ્રતિલાભી પ્રાતઃકાલે પોતાના પુત્ર સહિત **દેશલ શાહે** પારણું કર્યું. અને ભાટ, ચારણ, યાચક, દીનદુઃખી જનોને ભોજનદાન વગેરેથી સત્કાર કરતાં દશ દિવસ સુધી ઉત્સવ કર્યો. અગ્યારમે દિવસે પ્રાતઃકાલે સૂરિજી મહારાજના સ્વહસ્તે પ્રભુનું કંકણ છોડાવ્યું અને પોતે કરાવેલ અલંકારો **દેશલ શાહે** પ્રભુને ચડાવ્યા.

દેશલ શાહે સંઘ સહિત **આદિ** જિનની આરતી ઉતારવાનો પ્રારંભ કર્યો. તેની બંને બાજુએ **સાહણ** અને **સાંગણ** ચામર ધારણ કરી અને **સામન્ત** અને **સહજપાળ** કળશ ધારણ કરી ઉભા, પછી **સમરસિંહે** પિતાના નવઅંગે ચંદનના તિલક કર્યા. લલાટે તિલક કરી અક્ષત ચોડી કંઠમાં ફૂલની માળા પહેરાવી. બીજા પણ સંઘના પુરૂષોએ ચંદનવડે પગે પૂજા કરી કપાળે તિલક કરી, આરતીની પૂજા કરી તેના કંઠે માળા પહેરાવી. **દેશલ** શાહે આરતી ઉતારી, મંગળ દીપ ગ્રહણ કર્યો. ભાટો તે વખતે **દેશલ** તથા સમરસિંહની બિરૂદાવલી બોલવા લાગ્યા. તેઓને પુષ્કળ દાન આપ્યું. ત્યારબાદ કપૂરવડે મંગળદીપ કરી વાગતા વાજિંત્ર સાથે મંગલદીપ બોલી હાથ જોડી શક્રસ્તવવડે

**આદિજિનની** સ્તુતિ કરી. સૂરિજી મહારાજે પણ ત્યારપછી આદિજિનની અમૃતાષ્ટકવડે સ્તુતિ કરી.

પ્રતિષ્ઠા મહોત્સવ-અભિષ્ટ કાર્યની સિદ્ધિથી ઉત્પન્ન થયેલ પ્રમોદવડે **દેશલે** નૃત્ય કર્યું અને સ્તુતિ કરી પછી યુગાદિ પ્રભુની રજા માંગી, દેશલ **કપર્દિયક્ષ**ને મંદિરે ગયો, ત્યાં નાળિયેર અને લાપસીવડે યક્ષની પૂજા કરી તેના મંદિરે ધ્વજા ચડાવી ધર્મકાર્યોમાં સહાય કરવા પ્રાર્થના કરી.

સંઘનાયક **દેશલ શાહે** શત્રુંજય તીર્થમાં વીશ દિવસ રહી પુત્ર સહિત શ્રી સિદ્ધસેનસૂરિ સાથે પર્વત ઉપરથી નીચે ઉતરવા તૈયાર થયો. સર્વ અર્હંતોને નમી, પ્રાતઃકાળમાં પર્વતથી નીચે ઉતરી સંઘના નિવાસ સ્થાને આવ્યો. અને સુંદર ભોજન વડે મુનિવરોને પ્રતિલાભી, પરિવાર સહિત શ્રી સંઘને ભક્તિપૂર્વક ભોજન કરાવ્યું.

આ સંઘના આચાર્યો, વાચનાચાર્યો, ઉપાધ્યાય આદિ પદસ્થ પાંચસો મુનિઓ હતા, તેમને તેમજ બીજા બે હજાર મુનિઓને અનેક પ્રકારના વસ્ત્રો અને ઉચિત વસ્તુઓ વડે પ્રતિલાભ્યા. સમરસિંહે સાતસો ચારણો, ત્રણ હજાર ભાટ, હજાર ઉપરાંત ગાયકોને ધન વસ્ત્રાદિ પુષ્કળ દાન આપ્યું. વાટિકાઓના માળીઓને ધન આપી પુષ્પપૂજા માટે તે ખરીદી લઈ, નવી કરાવી પૂજા કરનારા તથા ગાયકોને ત્યાં ભક્તિ માટે મૂક્યાં. ત્યારબાદ **દેશલ શાહે** ઉજ્જયન્તગિરિ (ગિરનારજી) તીર્થની યાત્રા માટે સંઘ સહિત પ્રયાણ કર્યું. સંઘ સાથે રસ્તામાં અનેક તીર્થોની યાત્રા તથા ધર્મ પ્રભાવના કરીને પાટણ તરફ શ્રીસંઘ આવતાં **સોઈલ** ગામમાં, પત્તનવાસી લોકો સંઘ સામે આવ્યા. સંઘવી દેશલ તથા સમરાશાહના ચરણને ચંદન તથા સુવર્ણ પુષ્પથી પૂજ્યા કંઠમાં, પુષ્પમાલ પહેરાવી મોદક આદિ ભોજનોથી સ્વાગત કર્યું. તમામ વર્ણના લોકો સામે આવ્યા હતા, તે સર્વેને સંઘપતિએ તાંબુલ, ભોજન, વસ્ત્ર વગેરેથી સન્માન કર્યું. હવે શુભ મુહૂર્તે પુર પ્રવશ કરતાં વગેરે

સમરાશાહ સામૈયામાં ઘોડા પર અને દેશલશાહ પાલખીમાં આરૂઢ થયાં મૃદંગ, ભેરી વગેરે વાજીંત્રો વાગતા નૃત્ય કરતાં, નગરજનોએ પણ નગરને ધ્વજા-પતાકા વગેરેથી સુશોભિત બનાવેલ જોતાં સમરાશાહે પ્રવેશ કર્યો. તેની પાછળ સંઘપતિએ દેવાલય અને ગુરુવર્ય સાથે પાટણમાં પ્રવેશ કર્યો. નગરજનોથી યાત્રા પ્રશંસા સાંભળતાં, મંત્રણા ગ્રહણ કરતા અનુક્રમે પોતાના આવાસે આવ્યા. ત્યાં કુમારિકાઓએ દેશલ તથા સમરાશાહના લલાટમાં અક્ષતયુક્ત તિલક કર્યું. ગીત, મંગલ થતાં શ્રી પંચપરમેષ્ઠિમંત્રનું સ્મરણ કરતાં દેશલશાહે પોતાનું ઘર અલંકૃત કર્યું.

દેશલશાહે આદિ જિનને કપર્દિ યક્ષ સાથે દેવાલયમાંથી ઉતારી ઘર દેરાસરમાં સ્થાપ્યા. નગરજનોનું તથા યાચકોનું ત્યાં પણ વિશેષ સન્માન કરી રજા આપી. સહજપાલ વગેરે પુત્રો અનુક્રમે વિનયપૂર્વક પિતાના ચરણને દૂધથી પખાળ્યા. ત્રીજા દિવસે શાહે દેવ ભોજ્ય કરાવ્યું, તેમાં ઇચ્છાએ ભક્તપાન વગેરેથી સાધુઓને પડિલાભ્યા. નગરના પાંચ હજાર મનુષ્યને જમાડ્યાં. સંઘપતિ દેશલશાહે આ તીર્થોદ્ધારમાં સત્તાવીશ લાખ સિતેર હજાર (૨૭૭૦૦૦૦) દ્રવ્યનો વ્યય કર્યો હતો. તેથી શાહ પોતાના આત્માને કૃતકૃત્ય માનતાં નિત્ય ધર્મકાર્યમાં તત્પર થઈ ગૃહકાર્યમાં ઉદ્યમી થયા.

સં. ૧૩૭૫માં દેશલશાહ ફરીથી પણ સાત સંઘપતિ, ગુરૂદેવ અને બે હજાર મનુષ્યો સાથે સર્વ મહાતીર્થોમાં ગયા હતા. પૂર્વની જેમ બે યાત્રા કરી હતી. તે યાત્રા પણ અગિયાર લાખની અધિક (રૂ. ૧૧૦૦૦૦૦)નો વ્યય કર્યો હતો. તે વખતે સોરઠ દેશમાં મ્લેચ્છોથી બંધાયેલ સઘળા જૈનોને મૂકાવી સમયમેઘ બન્યો હતો.

શ્રી સિદ્ધસેનસૂરિ મહારાજે પોતાનું આયુષ્ય ત્રણ માસનું જાણી, દેશલશાહને કહ્યું કે તમારૂં આયુષ્ય પણ એક માસનું છે, તો ઉકેશપુર (ઓશીયા)માં જઈ કક્કસૂરિને મુખ્ય ચતુષ્કિકાને વિષે પદ પર સ્થાપન કરવા મારી ઇચ્છા છે તો તારી ઇચ્છા હોય તો ચાલ. જ્યાં દેવતાએ બનાવેલી વીર

ભગવાનની પ્રતિમા સ્થાપિત થયેલી છે એવું તે ઉત્તમ તીર્થ છે, જેથી દેશલ સર્વ સામગ્રી તૈયાર કરાવી સંઘ અને સૂરિ સહિત ત્યાં ગયા. માર્ગમાં દેશલશાહનો સ્વર્ગવાસ થયો.

શ્રીસિદ્ધસેનસૂરિજીએ માઘપૂર્ણિમાએ કક્કસૂરિને પોતાના હાથે મુખ્ય સ્થાનમાં બેસાડ્યા. થોડા સમય પછી શ્રી સિદ્ધસેનસૂરિજીનો સ્વર્ગવાસ થયો.

દિલ્હીના સાર્વભૌમ કુતુબુદીન પાદશાહે સમરસિંહના ગુણો સાંભળી ફરમાન મોકલી સમરસિંહના દર્શન માટે બોલાવ્યા. સમરશાહ પણ યોગ્ય સામગ્રી એકઠી કરી દિલ્લી તરફ ચાલ્યા. દિલ્લી પહોંચતા જ બાદશાહે ગૌરવપૂર્વક બોલાવી સન્માન કર્યું. બાદશાહ આગળ વિવિધ ભેટણાં મુકી નમન કરતાં સમરસિંહ તરફ બાદશાહે ઉત્કંઠા પૂર્વક જોયું. સંતુષ્ટ થયેલા રાજાએ સ્વયં પ્રસાદ આપવા પૂર્વક સર્વ દેશના વ્યાપારીયોમા મુખ્ય પદ આપ્યું. ત્યાં રહેતા બાદશાહના પ્રેમથી પ્રસન્ન થતાં કેટલોક સમય વીતી ગયો, ગવૈયાએ એકવાર કવિતા કહેતાં બક્ષિસમાં સમરશાહે એક હજાર ટંક તેને આપ્યા. કુતુબુદ્દીન પછી ગ્યાસુદ્દીન પાદશાહ થયો, તેણે પણ કુતુબુદ્દીનની જેમ સમરસિંહને પુત્ર તરીકે સ્વીકાર્યો. બુદ્ધિશાળી સમરસિંહે બંદી તરીકે બંધાયેલા પાંડુ દેશના રાજા વીરવલ્લભને બાદશાહ પાસેથી મુક્ત કરાવી તેના દેશમાં પુનઃ ગાદીએ બેસાડ્યો તેથી તેને **"રાજ સંસ્થાપનાચાર્ય"** એવું બિરૂદ મળ્યું.

બાદશાહના ફરમાનથી ધર્મરત્ન સમરાશાહે જિનેશ્વરની જન્મભૂમિ મથુરા અને હસ્તિનાપુરમાં શ્રી જિનપ્રભસૂરિ સાથે સંઘપતિ થઈ સંઘ સાથે તીર્થ યાત્રા કરી.

હવે તિલંગદેશમાં ગ્યાસુદ્દીન બાદશાહનો પુત્ર ઉલ્લખાન સૂબા તરીકે હતો. તેણે પણ સમરને વિશ્વાસપાત્ર પોતાનો ભાઈ ગણી તિલંગદેશનો સૂબો બનાવ્યો. ત્યાં પણ તૂર્કોથી બંદીવાન થયેલ અગીયાર લાખ મનુષ્યોને છોડાવ્યા. અનેક રાજા, રાણા, વ્યાપારીઓ વિગેરેના ઉપર સમરસિંહે ઘણો ઉપકાર કર્યો હતો.

સમરાશાહે સર્વ દેશોમાંથી બોલાવી શ્રાવકોના કુટુંબોને તિલંગદેશમાં સ્થાપી, ઉરંગલપુરમાં જિનાલયો કરાવી જૈન શાસનનું સામ્રાજ્ય એક છત્ર કરી ન્યાય, નીતિથી તિલંગદેશનું રક્ષણ કરી પૂર્વજોને દીપાવ્યા હતા અને છેવટ સુધી ધર્મસાધન કરતાં સમરાશાહ સ્વર્ગે સિધાવ્યા.

## આ ઉદ્ધાર માટે ઐતિહાસિક પ્રમાણ.

૧. દેશલશાહે કરાવેલ ઉદ્ધારના થોડાક સ્મરણ ચિહ્નો તરીકેના પ્રમાણિત ત્રણ લેખો શ્રી શત્રુંજયની મોટી ટૂંકમાંથી મળી આવ્યા છે.

૧ કુલદેવી સચ્ચિકાદેવીની મૂર્તિ ઉપર

૨ સપત્નીક સં. આસાધર દેશલના મોટાભાઈની મૂર્તિ ઉપર,

૩ રાણા મહીપાલદેવ (આરાસણની ખાણના સ્વામી)ની મૂર્તિ ઉપર છે. (જુઓ ગુર્જર કાવ્ય સંગ્રહ : ગાયકવાડ ઓરિ. સીરીઝ દ્વારા પ્રકાશિત)

૨. સમરાશાહના સ્વર્ગવાસ પછી સં. ૧૪૦૪ માં તેમના ધર્મપત્ની સાથેની એક મૂર્તિ તેમના પુત્રો સાલીગ અને સજ્જનસિંહે એ કરાવેલી અને શ્રી કક્કસૂરિના શિષ્ય દેવગુપ્તસૂરિથી પ્રતિષ્ઠિત થયેલી ત્યાં જ જોવામાં આવે છે.

**બસો એંશી વરસ કરતા વધારે સમયથી સકલ શ્રી સંઘની સેવામાં ખાસ કરીને શત્રુંજય મહાતીર્થ તથા અન્ય તીર્થોની વ્યવસ્થા માટે સમર્પિત આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ જાણવા માટે આજે જ વસાવો અને વાંચો**

**આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ-૧-૨**

## ચોટ સચોટ : શત્રુંજય ગિરિરાજના યાત્રિકોને વિનમ્ર વિનંતિ

- હસમુખભાઈ વેદલીયા, ડીસા

તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરવનો મહિમા અપરંપરા છે. પ્રથમ તીર્થંકર આદિનાથ દાદા પૂર્વ નવાણુવાર પધાર્યા અને અન્ય તીર્થંકરોએ પણ આ તીર્થ-ભૂમિને પાવન બનાવેલ છે. અનતાનંત આત્માઓ અહીંથી સિદ્ધિપદ પામ્યા છે. આ તીર્થની યાત્રા કરવા સૌ ઝંખતા હોય, એ સહજ છે. કાર્તિકી પૂર્ણિમા બાદ તો લગભગ અહીં રોજ મેળા જેવું વાતાવરણ જોવા મળતું હોય છે. છ'રી' પાલક અનેક સંઘો, બસયાત્રા પ્રવાસો, નવાણું યાત્રાના આરાધકો અને વ્યક્તિગત હજારો યાત્રિકો ગિરિરાજને ભેટીને આધ્યાત્મિક ઊર્જા મેળવતા હોય છે. જ્યાં શ્રદ્ધા-ભક્તિના ઘોડાપૂર ઊમટે છે અને તેથી જ યાત્રિકોનું આવા-ગમન સતત થતું જ રહે છે. તેવા સમયે આપણી યાત્રા વિધિપૂર્વક, જયણાપૂર્વક, શિસ્તપૂર્વક અને દેવ-ગુરુ ધર્મની આજ્ઞા મુજબ થાય તે માટેના કેટલાક વિનમ્ર સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.

યાત્રાની શરૂઆત ગાઢ અંધકારમાં ન કરવી, અંધકારમાં યાત્રા કરવાથી સુરક્ષાના પ્રશ્નો પેદા થાય છે. સાથે સાથે 'જયણા' ધર્મ જળવાતો નથી. પગથિયાની આસપાસ રહેલા સૂક્ષ્મજીવો આપણા પગ નીચે કચડાઈ જાય છે, તો ક્યારેક ઝેરી જીવજંતુઓ આપણને ડંખ મારીને નુકસાની પહોંચાડે છે, માટે સૂર્યોદયના થોડાક સમય પહેલા યાત્રા ચાલુ કરવી હિતાવહ છે.

યાત્રા ખુલ્લાપગે કરવાથી પરમ પાવન ભૂમિનો આપણને સ્પર્શ થાય છે. તે શ્રેષ્ઠ છે. તેમ છતાં શારીરિક નબળાઈના લીધે કાપડના બુટ અથવા મોજા પહેરવા પડે, તો તેવા બુટ-મોજા ધર્મશાળાથી પહેરવા નહિ, કારણ કે ધર્મશાળાની આગળના ભાગમાં ડોળીવાળા ભાઈઓ અને

માલસામાન ઉચકનારા ભાઈઓ ત્યાં સતત પાનમસાલા ખાઈને ચોકમાં થૂંકે છે, ગળફા અને નાક પણ ત્યાં સાફ કરે છે. હવે આપણે જો ધર્મશાળાથી જ કાપડના બુટ-મોજા પહેરી લઈએ તો તે તમામ અશુદ્ધિ ગિરિરાજને દૂષિત કરે. હદ તો ત્યાં થાય છે કે, આ લખનારે જ્યારે નવાણુયાત્રા કરેલ, ત્યારે આરાધકો અને પૂજ્યોને આવા બુટ સાથે તળેટીના રંગમંડપ અને ડુંગર ઉપર શાંતિનાથ દાદાના દરબારે, દાદાના દરબારે, રાયણા પગલા એ, પુંડરીક સ્વામી જિનાલયમાં આવતા જતા નજરે જોયા. પ્રશ્ન એ થાય કે બુટ-મોજા પહેરીને છેક રંગમંડપમાં કેમ જવાય ? આવી છૂટને નહી અટકાવાય તો આવતીકાલે ખુદ દાદાના ગભારામાં પણ ગંદા મોજા સાથે મજેથી થતો પ્રવેશ જોવાના દિવસો આવશે.

ખાસ શારીરિક કારણોસર-ભયાનક માંદગી અને વૃદ્ધાવસ્થા જેવા કારણોથી જે મુક્ત છે, તેમણે પગે ચાલીને જ યાત્રા કરવી જોઈએ. ડોળીવાળા અને ટેકો આપનાર મજૂરો સાથે ન લેવા, કારણ કે ડોળીવાળા અને મજૂરો જ્યાં-જ્યાં બેસે છે, ત્યાં વારંવાર પાન-મસાલા ખાઈને થુંકી-થુંકીને ગિરિરાજને અપવિત્ર બનાવે છે. મોટા પ્રમાણમાં તમાકુની પડીકીઓ અને પ્લાસ્ટિક જયાં-ત્યાં નાખે છે, કોઈની સહાય વગર જ જાતને થોડીક તકલીફ આપીને થતી યાત્રાનું ફળ અધિક પ્રાપ્ત થાય છે. અનુભવ છે કે, તળેટીથી યાત્રા શરૂ કરીને પ્રથમ ચાર મોટી સીડીઓ ચડતા થાક વધુ લાગે છે. બાકી પ્રથમ વિસામો અને ત્યારબાદ ચાલવાનો રસ્તો શરૂ થયા પછી તો સડસડાટ ડુંગર પર ચડી જવાય છે. શરીરને ક્યાં તકલીફ આપવી ? આપણે તો ડોળી જ કરવી છે. આવી મનોદશાપૂર્વક ઘણી યાત્રાઓ કરનારા કરતા એકવાર ચાલી ચઢીને યાત્રા કરશો, તોય એ યાત્રા જીવનનું અમૂલ્ય સંભારણું બની જશે. નાના નાના બાળકો અને વૃદ્ધિ દાદા-દાદીઓને

જુસ્સાપૂર્વક યાત્રા કરતા નજર સામે રાખી જોશો, તો કાયમ માટે ડોળીને અલવિદા આપ્યા વિના નહિ રહો. આ લખનારે વાંચ્યું છે કે, ગુજરાતના મહામંત્રી વસ્તુપાળ-તેજપાળની બંધુબેલડીએ છેલ્લી અવસ્થામાં ડુંગર ન ચડી શકતા તળેટીની યાત્રાથી જ સંતોષ માનેલ, પણ ડોળી તો ન જ વાપરી.

જો તમે કોઈ કારણોસર રામપોળના દરવાજો ખુલ્લો થાય, તે પહેલા પહોંચી ગયેલ હો, તો ત્યાં પ્રવેશ સ્થળે બેસીને દાદાનું ધ્યાન ધરજો. બાકી પેઢીના સમયપત્રકને ખલેલ પહોંચાડશો નહિ. નિયત સમયે દરવાજો ખુલે ત્યારે ધક્કામુક્કી કરીને તમારા જ કોઈ સ્વજન-સંબંધી નીચે પડીને ચગદાઈ જાય એવું ન કરશો. ખાસ કરીને નવાણું યાત્રાના આરાધકોને સૂચવવાનું કે ઝટપટ-ફટાફટ ત્રણ ચાર યાત્રા કરવા માટે તમારી અડફેટે કોઈ ન આવી જાય, તે ખાસ ધ્યાનમાં લેશો.

કાર્તિકી પૂનમથી નવાણુંયાત્રાઓ ચાલે ત્યાં સુધી વધુ ભીડ હોય એ સ્વાભાવિક છે, આવા દિવસોમાં દાદાના દરબારમાં પગ મૂકવાની જગ્યા પણ મુશ્કેલથી મળતી હોય છે. તેવા સમયે દાદાના માત્ર મુખારવિંદના દર્શનથીય સંતોષ માનવો યોગ્ય છે, વિજાતીય સંઘટ્ટા કરીને ભીડમાં ગમે તેમ પ્રવેશ મેળવીને ગર્ભગૃહ સુધી પહોંચવા જતા મર્યાદાભગ થાય એને કેમ ચલાવી શકાય ?

પૂજા કરવાની હોય તો સ્નાન માટે નિયત સ્થળે પહોંચીને પેઢી દ્વારા મળતી સગવડોનો વિવેક વિનયપૂર્વક ઊપયોગ કરવો. દા.ત. પરિમિત પાણીથી સ્નાન કરવું, સ્નાન વખતે લીધેલ પંચિયુ જયાં ત્યાં ન ફેંકી દેતાં નીચોવીને સૂકવી દેવું, જેથી તમારા પછી આવેલ યાત્રિકને કામમાં આવી શકે.

દાદાની પ્રક્ષાલપૂજામાં જ્યાં લાઈન અટકી હોય, ત્યાં જ બેસવું, કોઈ ને કોઈ રીતે અડધે અથવા આગળ ગોઠવાઈ જવાની કોશિશ કરવી

નહિ. તીર્થમાં આપણે કર્મ છોડવા માટે આવ્યા છીએ, એથી ખોટી રીતે લાઈનમાં ઘૂસી ઘુસણખોરી કરીને નવા કર્મ ન બંધાય તેનો ખાસ ખ્યાલ રાખવો.

પ્રભુપૂજા પત્યા બાદ પાટલા-ચોપડીઓ અને પૂજાની થાળી-વાટકીઓ ગમે ત્યાં ખૂણે-ખાંચરે આડી અવળી જગ્યામાં ન મૂકતા આ બધી ચીજો તેના નિયત સ્થળે મૂક્યા વિના આપણે ગમે ત્યાં થાળી-વાટકી-પાટલા મૂકીને નીચે ઉતરી જઈએ, એથી આપણા પછી આવનાર યાત્રિકોને ઘણીવાર થાળી-વાટકીઓ મળતી નથી. દાદાની યાત્રામાં સ્વયં શિસ્ત જરૂરી છે. પેઢી અને સંચાલકો ગમે તેટલી વ્યવસ્થા કરશે, પણ જ્યાં સુધી આપણે વિવેકી નહી બનીએ, ત્યાં સુધી બધું વ્યર્થ જ છે. જો પૂજાની જોડ પેઢીમાંથી લીધેલ હોય, તો પૂજા બાદ વસ્ત્ર પરિવર્તન કરીને પૂજાજોડ વ્યવસ્થિત ગડી કરીને પૂજારીને પરત જમા કરાવી દેવી જોઈએ.

પગથિયા ચડતી વખતે સાથેના સહયાત્રિકોની જોડા-જોડ ન ચાલવું તેથી રસ્તો રોકાઈ જાય છે. આગળ-પાછળ ચાલવાથી રસ્તો ખુલ્લો રહે, અન્ય યાત્રિકોને શાતા મળે. એથી ખાસ કરીને હાથમાં હાથ નાંખીને વલ્ગરવેડા ન થાય, તે ખાસ ઈચ્છનીય છે. આ તીર્થક્ષેત્ર છે, તેનો ખ્યાલ રાખીને શિસ્તબદ્ધ મર્યાદાપૂર્વક જ ચાલવું જરૂરી છે.

અનિવાર્ય-આવશ્યક જ જણાય તો નાના બાળકોને બાદ કરતા તમામ યાત્રિકોએ પોતાની સાથે નાસ્તો, બિસ્કીટ જેવા પદાર્થો સાથે લેવા નહિ અને ગિરિરાજ પર મળતું દહી વાપરવું નહીં. ગિરિરાજ ઉપર કોઈ પણ ચા-નાસ્તો ભોજન લેવાથી ગાઢ કર્મબંધન થાય છે.

પ્રક્ષાલપૂજાની સાથે કેસરપૂજાનો પાસ મળી શકે છે, પણ યાત્રિકે ત્યાં સુધી (લગભગ બપોરના ૨-૦૦ થી ૪-૦૦) સુધી રોકાવાની ભાવના હોય

તો જ પૂજાનો પાસ લેવો. બિન જરૂરી પાસ લેવાથી પાસના રાઉન્ડ વધે, જેથી ખરેખર પૂજા કરવાવાળા પણ આપણો નંબર તો ક્યારેય આવશે એમ વિચારીને તેઓ પણ પૂજા કરવાથી વંચિત રહે, માટે આપણે કોઈ પૂજા ન કરવામાં નિમિત્તરૂપ ન બનીએ.

તીર્થક્ષેત્રમાં ઓછામાં ઓછું કંદમૂળ-અભક્ષ્ય ખાન-પાનનો ત્યાગ, રાત્રિભોજન નિષેધ, બ્રહ્મચર્યપાલન આટલું તો અવશ્ય કરવું જ જોઈએ. અન્ય સ્થળે કરેલ પાપ તીર્થક્ષેત્રમાં આવતા નાશ પામે છે, પણ તીર્થક્ષેત્રમાં સેવેલ પાપો વ્રજલેપ જેવા બની જતા તેનો નાશ મુશ્કેલ બને છે.

નીચે જાહેર રોડ ઉપર માર્ગમાં અડચણરૂપ થતા ઘાસ વેચનારા પાસેથી ઘાસ લઈને તેમની જ ગાયોને નિરવાના બદલે તેટલા રૂપિયા પેઢી સંચાલિત છાપરીવાળી પાંજરાપોળમાં જમા કરાવવા હિતાવહ જણાય છે, એથી જીવદયાનું સાચું પુણ્ય પ્રાપ્ત થશે.

આપણા સૌ આરાધકો શક્તિ મુજબ દાદાના ભંડારમાં નાની-મોટી રકમ દાદાને અર્પણ કરીએ છીએ, વિવિધ બોલી ઊંછામણીમાં લાખો રૂપિયાનો લાભ લેવાય છે તેની ખૂબ ખૂબ અનુમોદના, પણ સાથે આપણે કંઈ ને કંઈ નાની-મોટી રકમ પેઢીના 'સાધારણ ખાતા'માં જમા કરવાની ટેવ પાડવા જેવી છે. સૌ સુજ્ઞ વાંચકોના ખ્યાલમાં જ છે કે, પેઢી દ્વારા યાત્રિકોની સગવડ માટે અનેક જવાબદારીઓ વહન થાય છે, તેમાં મોટાભાગે 'સાધારણ દ્રવ્ય' જ જરૂર પડતી હોય છે. માટે સાધારણમાં રકમ લખાવવાનું આપણું કર્તવ્ય આપણે જ નિભાવવું જરૂરી છે.

યાત્રા કરીને ઉતર્યા બાદ ભાતુ વાપરવાની ગણતરી હોય તો જ ભાતાપાસ લેવા અને ભાતાગૃહમાં જઈને જરૂર મુજબ જ પદાર્થો લેવા, જરાય એઠું મૂકવું નહિ.

તીર્થમાં બોલીનો લાભ લીધેલ હોય, તો ખાસ યાદ કરીને જે તે રકમ પેઢી કાર્યાલયમાં જમા કરાવીને પાકી પહોંચ પ્રાપ્ત કરી લેવી.

પેઢી દ્વારા મુકાયેલ બોર્ડ મુજબ કેમરા પ્રતિબંધ, બરમૂડા-ચડ્ડા પ્રતિબંધના સૂચનાનો અમલ ચુસ્તતાથી કરવો.

આપણી યાત્રા કાયમી સંભારણું બની રહે તે માટે આપણે જ સ્વયં શિસ્ત-મર્યાદા-તપ, ત્યાગ અને ઉદારતા-દયા-કરુણાના સંસ્કારો જતન કરવા કટિબદ્ધ રહીએ.

છેલ્લે નવ ટૂંકની યાત્રા અવશ્ય કરવી, સમય અને થાક આ બે શબ્દોની બાદબાકી કરીને પણ નવટૂંકના ભવ્ય જિનાલયોની યાત્રા અવશ્ય કરવી જોઈએ.

## આજે જ વસાવો

**ગૂર્જરેશ્વર રાજર્ષિ કુમારપાળ દ્વારા વિનિર્મિત "તારંગા તીર્થ"નું ઉત્તુંગ અજિતનાથ જિનાલય, એનો કળાવૈભવ, શિલ્પ સ્થાપત્યનો બેનમૂન ખજાનો, અન્ય દેરાસરોમાં સચવાયેલો કોરણી-કારીગરી અને આરસના અંકનો હવે સહુના માટે ડીવીડી ના રૂપમાં ઉપલબ્ધ છે.**

**તીર્થની પરિચય પુસ્તિકા સાથેની ડીવીડીની કિંમત રુપિયા ૧૨૦/-**

**તારંગા તીર્થના કાર્યાલયેથી તથા પેઢીના અમદાવાદ મુખ્ય કાર્યાલયેથી મળી શકશે.**

# કાર્તિક પૂર્ણિમાનું મહત્ત્વ !

શત્રુંજય તીર્થની કાર્તિકી પૂનમના દિવસે યાત્રા કરવાથી વિશેષ લાભ થાય છે. આ દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિઓની સાથે આ તીર્થ ઉપર મુક્તિ પામ્યા છે.

શ્રી ઋષભદેવ ભગવાનના સો પુત્રો હતા. તેમાં દ્રવિડ નામે એક પુત્ર હતો. તેના દ્રાવિડ અને વારિખિલ્લ નામે બે પુત્રો હતા. દ્રવિડે મોટા પુત્ર દ્રાવિડને મિથિલાનગરીનું રાજ્ય આપ્યું, અને નાના પુત્ર વારિખિલ્લને એક લાખ ગામો આપ્યા. પછી શ્રી આદીશ્વર ભગવાન પાસે દીક્ષા લીધી. દ્રાવિડ નાનાભાઈને સંપત્તિથી અધિક જોઈને ઈર્ષ્યાથી બળવા લાગ્યો. તેનાથી નાનાભાઈની ઉન્નતિ સહન ન થઈ. આથી તેના ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. વારિખિલ્લને આની ખબર પડતાં તે પણ મોટાભાઈ ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. બંને પરસ્પર દ્વેષભાવવાળા થઈને એક બીજાનું રાજ્ય પડાવી લેવાની તક શોધવા લાગ્યા. વારિખિલ્લે મિથિલા નગરીમાં પોતાનો નિવાસ કર્યો. આથી દ્રાવિડે તેને કહ્યું : તારે મારા નગરમાં રહેવું નહિ. આથી વારિખિલ્લ ગુસ્સામાં આવીને તત્કાલ પોતાના નગરમાં ચાલ્યો ગયો. પણ મોટાભાઈએ કરેલા અપમાનનો બદલો વાળવા સૈન્ય સહિત લડવા માટે આવ્યો. નાનો ભાઈ લડવા આવે છે એ સાંભળી દ્રાવિડ પણ સૈન્ય લઈને નગરની બહાર આવ્યો. બંને વચ્ચે ખૂનખાર લડાઈ થઈ. લગાતાર સાત મહિના સુધી યુદ્ધ ચાલ્યું. તેમાં બંને પક્ષના મળીને દશ ક્રોડ સુભટોનો નાશ થયો. હાથી, ઘોડા વગેરે પશુઓનો પણ મોટી સંખ્યામાં વિનાશ થયો.

પછી વર્ષાકાળ આવવાથી લડાઈ બંધ થઈ. વર્ષાકાળ પૂર્ણ થતાં એક વખત દ્રાવિડ ખીલેલી વનરાજીને જોવા મંત્રી આદિ પરિવાર સહિત ફરવા નીકળ્યો. વનરાજી જોતાં જોતાં બધા તાપસોના આશ્રમની નજીક આવ્યા. મંત્રીની પ્રેરણાથી દ્રાવિડ રાજા તાપસોના આશ્રમમાં ગયો. બધાએ તાપસોના

કુલપતિને પ્રણામ કર્યા. કુલપતિએ આશીર્વાદ આપ્યા. પછી અનુગ્રહ બુદ્ધિથી હિતોપદેશ આપ્યો. અત્યારે બંને ભાઈઓ યુદ્ધના મોરચે રહેલા છે એવો કુલપતિને ખ્યાલ હતો. આથી પ્રસંગને અનુરૂપ ઉપદેશ આપતાં કહ્યું કે, - "હે રાજન્ ! રાજ્ય નરકને આપનારું છે. આથી રાજ્યલોભથી યુદ્ધ કરવું એ ઉચિત નથી તેમાં પણ ભાઈ સાથે યુદ્ધ કરવું એ તો તમારા જેવા માટે ઘણું જ અનુચિત ગણાય. તમે યુગાધીશના પૌત્ર છો. તમે તમારા પૂર્વજોનો જરા વિચાર કરો. તમારા દાદાએ રાજ્ય છોડ્યું, પિતાએ પણ રાજ્ય છોડ્યું. જો રાજ્ય અનર્થનું કારણ ન હોત તો તમારા દાદા અને પિતા રાજ્ય શા માટે છોડત ? તમારા દાદાએ અને પિતાએ તણખલાની જેમ રાજ્યનો ત્યાગ કરી સંયમનો સ્વીકાર કર્યો અને તમે બે બંધુઓ પૃથ્વીના ટુકડા માટે લડો એ કેટલું શરમ ભરેલું ગણાય !

કુલપતિનો ઉપદેશ દ્રાવિડના હૈયા સુધી ઉતરી ગયો. વિવેકદ્રષ્ટિ ખૂલી ગઈ. આથી પોતાની ભૂલ સમજાઈ ગઈ. હૃદયમાં ભૂલ બદલ ખૂબ પરિતાપ થયો. પ્રતિબોધ પમાડનાર કુલપતિનો ઉપકાર માન્યો. પછી તુરંત નાના ભાઈને ખમાવવા માટે ચાલ્યો. મોટાભાઈને એકલા આવતા જોઈને વારિખિલ્લ તેમની સામે આવ્યો, મોટા ભાઈના પગમાં પડ્યો. દ્રાવિડે તેને બે હાથથી ઊભો કરીને સ્નેહથી આલિંગન કર્યું. બંનેની પરસ્પર પ્રેમભરી આંખો મળી. જે આંખોમાંથી અત્યાર સુધી વેરરૂપી અગ્નિના અંગારા વરસતા હતા, તે આંખોમાંથી હવે પ્રેમરૂપી અમૃત વહેવા માંડ્યું. બંનેની આંખોમાં ઝળઝળિયા આવી ગયા. ત્યાં ઊભેલા રાજપુરૂષોની આંખોમાં પણ આ દ્રશ્ય જોઈને ઝળઝળિયાં આવી ગયાં. વર્ષો પછી બંને ભાઈઓને લડાઈના સ્થાનમાં પ્રેમથી મળતા જોઈને લોકો વિસ્મય પામ્યા.

રોતાં રોતાં નાનાભાઈએ મોટાભાઈને ક્ષમાની યાચના કરતા કહ્યું : 'હે બંધુ ! યુદ્ધ માટે આપની સામે આવીને મેં કુબંધુપણું બતાવ્યું તે બદલ મને

ક્ષમા આપો. મોટાભાઈનું હૈયું ખૂબ ભરાઈ ગયું. બોલવા માગે છે પણ બોલી શકાતું નથી. જેમ તેમ કરીને બોલ્યા : વારિખિલ્લ ! આમાં તારી જરાય ભૂલ નથી. મારી જ ભૂલ છે. હું ઈર્ષ્યાથી તારી ઉન્નતિ સહન કરી શક્યો નહિ. આથી આપણી વચ્ચે વેર થવાનું મૂળ કારણ હું છું. આથી તું મને એની ક્ષમા આપ. તને ખમાવવા માટે જ હું અહીં આવ્યો છું. આમ બંનેને પરસ્પર ક્ષમાપના કરી.

પછી વારિખિલ્લે દ્રાવિડને કહ્યું : 'હે વડીલબંધુ ! હવે આ બંને રાજ્યનો આપ સ્વીકાર કરો. દ્રાવિડે કહ્યું : અત્યાર સુધી હું અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતો હતો, પણ હવે મને જ્ઞાનરૂપ પ્રકાશ મળી ગયો છે. આથી હવે મારું રાજ્ય પણ મારે જોઈતું નથી તો તું બંને રાજ્યની વાત ક્યાં કરે છે ! મારું મન હવે ત્યાગ માર્ગે જવા ઉત્કંઠિત બન્યું છે. હવે તું જ બંને રાજ્યનો સ્વીકાર કર.

વારિખિલ્લ બોલ્યો : તો પછી મારે પણ આ રાજ્યથી સર્યું. જે માર્ગે આપ ચાલવા તૈયાર થયા છો એ જ માર્ગે હું પણ આપની સાથે જ ચાલીશ. પછી બંનેએ પોતપોતાના પુત્રને રાજ્ય આપીને દશ ક્રોડ પુરુષોની સાથે તે કુલપતિની પાસે તાપસ વ્રતનો સ્વીકાર કર્યો. બધા કંદમૂળ વગેરેનો આહાર કરતા હતા. ગંગાનદીમાં સ્નાન કરતા હતા. શ્રી આદિનાથનો જાપ અને ધર્મકથા વગેરેથી દિવસો પસાર કરતા હતા. આ પ્રમાણે લાખ વર્ષ સુધી ત્યાં રહીને સાધના કરી.

એક વખત નમિ-વિનમિના બે વિદ્યાધરશિષ્યો વિદ્યાના બળે આકાશમાં ઊડી ત્યાં આવ્યા. દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે તાપસોએ તેમને પ્રણામ કર્યાં. મુનિઓએ બધાને ધર્મલાભ આપ્યો. પછી દ્રાવિડે પૂછ્યું : હે ભગવન્ ! આપ ક્યાં પધારી રહ્યા છો ? મુનિઓએ જવાબ આપ્યો : 'અમે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવા જઈએ છીએ. દ્રાવિડે શત્રુંજય તીર્થનું માહાત્મ્ય પૂછ્યું, એટલે મુનિઓએ તેમને શત્રુંજયનું માહાત્મ્ય જણાવ્યું.

શત્રુંજયનું અનુપમ માહાત્મ્ય જાણીને બધા તાપસો તીર્થની યાત્રા કરવા ઉત્કંઠિત બન્યા. આથી બધા તાપસોએ મુનિઓની સાથે શ્રી શત્રુંજય તરફ ચાલવા માંડ્યું. મુનિઓએ તેમને સાધુધર્મનો ઉપદેશ આપ્યો. આથી તેમણે તાપસવ્રતનો ત્યાગ કરી સાધુઓનાં પાંચમહાવ્રતો સ્વીકાર્યાં.

અનુક્રમે બધા શ્રી શત્રુંજય પાસે આવી પહોંચ્યાં. તીર્થને જોઈને બધા ખૂબ હર્ષિત બની ગયા. ત્યાં શ્રી આદિનાથ આદિનાં બિંબોના દર્શન કર્યાં. બધાએ માસખમણ કર્યું. માસખમણના અંતે વિદ્યાધર મુનિઓએ તેમને કહ્યું : આ તીર્થની સેવાથી તમારા બધાનાં અનંતકાળથી એકઠાં થયેલાં બધાં કર્મોનો ક્ષય થઈ જશે. આથી તમે બધા સંયમ-તપમાં તત્પર બનીને અહીં જ રહો. આમ કહીને વિદ્યાધર મુનિઓ બીજે ચાલ્યા ગયા.

દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે દશક્રોડ મુનિઓ ત્યાં રહીને વિવિધ પ્રકારનો તપ વગેરે સાધના કરવા લાગ્યા. અંતે માસખમણ કરીને કાર્તિક સુદ પૂનમના દિવસે નિર્વાણ પામ્યા. આમ કાર્તિક પૂનમના દિવસે શ્રી શત્રુંજય તીર્થ ઉપર દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિઓ સાથે મુક્તિએ ગયા હોવાથી કાર્તિક સુદ પૂનમના દિવસે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી વિશેષ લાભ થાય છે. આ દિવસે તપ વગેરે ધર્મ કરવાથી વિશેષ ફળ મળે છે.

**પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ-સેવાભક્તિ માટે પેઢીના મુખ્ય કાર્યાલય ખાતે વૈયાવચ્ચ વિભાગ કાર્યરત છે. ઉપધિ-ઉપકરણોથી માંડીને દર્શન - જ્ઞાન - ચારિત્રની આરાધનામાં ઉપયોગી સામગ્રી વહોરાવીને પૂજ્ય શ્રમણ - શ્રમણી ભગવંતોની ભક્તિ કરવામાં આવે છે.**

# ગિરનાર તીર્થે નવનિર્મિત જય તળેટીની દેરીઓમાં પરમાત્માના ચરણ પાદુકા તથા દેવ-દેવીઓની પ્રતિમાજી વગેરેની પ્રતિષ્ઠા અંગેની બોલીઓ

બાવીસમાં તીર્થપતિ પરમાત્મા શ્રી નેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણકોથી ધન્ય અને કૃતપુણ્ય બનેલા, સોરઠની ધરતીના શણગારરુપ ગિરનાર મહાતીર્થની ઉપત્યકામાં ભવ્ય તળેટીનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. નિર્ધારિત સમયે એ પૂર્ણ થશે. ગિરનારજી મહાતીર્થની નવનિર્મિત તળેટીમાં નવનિર્મિત દેવકુલિકાઓ - દેરીઓમાં નીચે પ્રમાણે ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરવાની છે તથા અધિષ્ઠાયક શ્રી ગોમેધ યક્ષની પ્રતિમા ભરાવવાની છે.

(૧) શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકાની પ્રતિષ્ઠા
(૨) શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચરણપાદુકાની પ્રતિષ્ઠા
(૩) શ્રી અભિનંદનસ્વામીની ચરણપાદુકાની પ્રતિષ્ઠા
(૪) શ્રી ચંદ્રપ્રભસ્વામીની ચરણપાદુકાની પ્રતિષ્ઠા
(૫) શ્રી સંભવનાથ ભગવાનની ચરણપાદુકાની પ્રતિષ્ઠા
(૬) અધિષ્ઠાયક શ્રી ગોમેધ યક્ષના પ્રતિમાજી ભરાવવાનો ચઢાવો
(૭) અધિષ્ઠાયક શ્રી ગોમેધયક્ષની પ્રતિમાજીની પ્રતિષ્ઠા
(૮) અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની પ્રતિમાજીની પુનઃ પ્રતિષ્ઠા
(૯-૧૦) ગુરુ ભગવંતોની ૨ પ્રાચીન ચરણપાદુકાની પુનઃ પ્રતિષ્ઠા

આ તમામ ચઢાવા-બોલીઓ તા.૩૧-૧૨-૨૦૧૬, શનિવાર, પોષ સુદ-૨ના દિવસે સવારે ૯-૩૦ વાગે, હઠીસીંગની વાડી, અમદાવાદ ખાતે બોલાવવામાં આવશે.

આપના સ્વજનોને પણ આમાં લાભ લેવા પ્રેરણા કરશો.

---

**નોંધ : વિ.સં. ૨૦૭૩, વૈશાખ સુદ ૧૨ - રવિવાર, તારીખ ૭-૫-૨૦૧૭ના શુભ દિવસે મંગલમુહૂર્તે ગિરનારજી મહાતીર્થની તળેટીમાં નવનિર્મિત ૯ દેરીઓમાં આ તમામ ચરણ-પાદુકાઓ તથા પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા થશે.**

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@ yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@ gmail.com

અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@ gmail.com

ઉદ્દેશ અને ઉપયોગ

- ૫૦૦મી સાલગીરી નિમિત્તે નાની યોજના દ્વારા દરેક શ્રાવક-શ્રાવિકાને સહભાગી થવાનો અમૂલ્ય અવસર.
- ૫૦૦મી સાલગીરી પ્રસંગની અદ્‌ભૂત અને અદ્વિતીય ઉજવણી.
- આ રકમ ટ્રસ્ટમાં "સુર્વણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ" ખાતે જમા રહેશે.
- આ કોર્પસ ફંડનું વ્યાજ સર્વ સાધારણ ખાતામાં જેવા કે સાત ક્ષેત્ર, જીવદયા અને અનુકંપા વિગેરેમાં જરૂરિયાત પ્રમાણે વપરાશે.
- રકમ દર વર્ષે રૂા. ૩૬૦ અથવા એક સાથે રૂા. ૫૪૦૦ બંને વિકલ્પમાં જમા કરાવી શકાય છે.
- **Anandji Kalyanji Pedhi** મોબાઈલ એપ્લીકેશનના ઉપયોગ દ્વારા રકમ **online** પણ જમા કરાવી શકાશે.


વિશેષ જાણકારી માટે સંપર્ક કરો :

<u>અમદાવાદનું સરનામું :</u>

શેઠ આણંદજી કલ્યાણજી, ૨૫ વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ. ૩૮૦૦૦૭ ફોન **+91 - 79 26610387**

**હેલ્પ લાઇન નંબર : +91-93 75 500 500, +91-93 76 500 500**

Contact : info@anandjikalyanjipedhi.org

Visit : anandjikalyanjipedhi.org

Download : Social Presence

ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App




અંક : 6

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

## શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

AKP

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK - POST

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**